નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

ચ-૩ પાસે પાણીની લાઇનમાં લીકેજ થતા ફુટપાથમાં ગાબડુ

ભદ્ર સમાજની કલંકરૂપ ઘટના

સેક્ટર-૨માં પુત્રએ વૃધ્ધ મા-બાપને રોડ પર ઘસડ્યા

સગા મા-બાપને યુવાન પુત્ર-પુત્રવધૂએ અસહ્ય માર મારી ઘરની બહાર કાઢી મુકી રોડ પર ઘસડતા ચકચાર

ગાંધીનગર, તા. ૧૮

પુત્ર જન્મની ખુશીમાં જે મા-બાપે પેંડા વહેંચ્યા હોય, તેના ઉછેર-શિક્ષણ પાછળ જીવનની અમુલ્ય પળોનુ બલિદાન આપી સમગ્ર જીવનની મુડી ખર્ચી નાંખી હોય તે પુત્ર યુવાન અને પગભર થઈ સગા માતા-પિતાને ગાળો આપે, અસહ્ય માર મારે એટલું જ નહી ઘરની બહાર તગેડી મુકી રોડ પર ઘસડે ત્યારે તે મા-બાપના હૃદય પર તો શારડી જ ફરતી હશેને... ભદ્ર સમાજ માટે અત્યંત શરમજનક ગણાય તેવી ઘટના આપણી આસપાસ બને ત્યારે હૃદય વલોવાઈ જાય છે. સેક્ટર-૨માં યુવાન પુત્ર-પુત્રવધૂએ વૃધ્ધ મા-બાપને લાકડીઓ વડે ઢોર માર મારી ઘરની બહાર તગેડી મુક્યા હોવાની ઘટના બહાર આવી ત્યારે મા-બાપને ઈશ્વરની સમકક્ષ મુકતી આપણી ભારતીય સંસ્કૃતિ અને આપણા ભારતીય સંસ્કારો પર પુનઃ પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયું છે.

આ ઘટનાને નજરે જોનાર એક વસાહતીએ જ્યારે આ ઘટનાનું વર્ણન કર્યું ત્યારે વર્ણન માત્રથી રૂંવાડા ઉભા થઈ ગયા. સગા મા-બાપ સાથે કોઈ પુત્ર આ હદે ગેર વર્તન કરી શકે છે તે જાણી આપણા કહેવાતા સંસ્કારી સમાજ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. લગભગ ૬૫ થી ૭૦ વર્ષની આસપાસની વયના સેક્ટર-૨માં રહેતા વૃધ્ધ મા-બાપને યુવાન પુત્ર અને પુત્રવધૂએ કોઈ કારણોસર ગાળો ભાંડવાની શરૂઆત કરી શાબ્દિક પ્રહારો થોડાક જ સમયમાં શારિરીક પ્રહાર સુધી પહોંચી ગયા. યુવાન પુત્ર-પુત્રવધૂના હાથે લાકડીઓથી માર ખાતા વૃદ્ધ

● અનુસંધાન પાન-૭ પર

યોગનૃત્ય - રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અપ્રતિમ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ગુજરાતના ગૌરવસમા યુવાન યોગી-યોગિનીઓ દ્વારા યોગનૃત્યોનો અદ્‌ભૂત કાર્યક્રમ ટાઉનહૉલ ખાતે રવિવારે સાંજે યોજાયો હતો... લકુલેશ યોગ યુનિવર્સિટી અને યોગ એન્ડ કલ્ચરલ એસોસીએશન ઓફ ગુજરાતના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલા યોગના અવનવા પ્રયોગોથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા... કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં યોગપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

ગાંધીનગરમાં પ્રથમવાર હાફ મેરેથન દોડ

કલ્પતરૂ હાફ મેરેથન દ્વારા આરોગ્ય અને તંદુરસ્તી અંગે જાગૃતતા કેળવવા માટે રનર્સ ગૃપ દ્વારા ૩૧ જાન્યુઆરીએ ઘ-૫ થી ૨૧ કીમીની મેરેથન તેમજ ૭ કીમીની ડ્રીમ રન યોજાશે

ગાંધીનગર તા ૧૮

રન ગાંધીનગર રન ના અભિગમ સાથે શહેરમાં પ્રથમવાર આગામી તા ૩૧ જાન્યુઆરીના રોજ ઘ-૫ ઓપન એર થિયેટરથી સવારે ૬ કલાકે હાફ મેરેથન દોડ યોજવામાં આવશે. ગ્રીનસીટીના નાગરિકોમાં આરોગ્ય અને તંદુરસ્તી અંગે જાગૃતિ કેળવાય તેમજ જન્મજાત હદયરોગની બિમારીથી પીડાતા બાળકોને મદદરૂપ થવાના ઉમદા આશય સાથે કલ્પતરૂ મેરેથન દોડ યોજવામાં આવશે. આ મેરેથનમાં અંદાજિત ૨ હજાર નાગરિકો જોડાય તેવી સંભાવના છે. મેરેથન દોડ માટે હાલ નોંધણીની પ્રકીયા ચાલુ છે. જયારે બે કેટેગરીમાં યોજાનારી આ દોડના અંતે વિજેતાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે. રનર્સ ગૃપ દ્વારા નગરમાં પ્રથમવાર મેરેથન દોડનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૨૧ કીમીની હાફ મેરેથન તેમજ ૭ કીમી ની ડ્રીમ રન યોજાશે.

સત્તા મેળવવાની દોડધામ વચ્ચે રાજકીય ગરમાવા અને વહીવટી ગતિવિધિઓથી ધમધમતા ગાંધીનગરમાં પ્રથમવાર નાગરિકોમાં આરોગ્ય અને તંદુરસ્તી અંગે જાગૃતિ કેળવાય તે માટે મેરેથન દોડનુ આયોજન કરવામાં આવ્યુ છે. નગરના રનર્સ ગૃપ દ્વારા આગામી તા ૩૧ જાન્યુઆરીના રોજ ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટરથી ૨૧ કીમીની આ દોડનો પ્રારંભ થશે.

● અનુસંધાન પાન-૭ પર

ધુમ્મસ - શહેરમાં વહેલી સવારથી જ ધુમ્મસ છવાયેલું હતું... સૂર્યોદય બાદ પણ એકાદ-દોઢ કલાક વાતાવરણમાં ઝાકળની ભીનાશ અને ધુંધળો માહોલ બદલાયેલા વાતાવરણની અનુભૂતિ કરાવતા હતા... ઠંડી અને ગરમીના ઉતાર-ચડાવથી વારંવાર બદલાતું વાતાવરણ વિચિત્ર અનુભવ કરાવે છે....

જિલ્લામાં સ્ત્રી જન્મદરમાં નહિવત્ સુધારો

આજથી જિલ્લામાં રાષ્ટ્રીય બાલિકા સપ્તાહની ઉજવણીનો પ્રારંભ શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી જન્મદર વધારે નોંધાયો

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પુરૂષની સરખામણીએ સ્ત્રી જન્મદરના પ્રમાણમાં નહિવત્ સુધારા સાથે આ દર ૯૦૩ પર પહોંચ્યો છે જે રાજ્યના સરેરાશ દર કરતાં નીચો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શહેરી વિસ્તાર કરતાં પણ વધુ સ્ત્રી જન્મદર નોંધાયો છે. જો કે ૨૦૦૧ની તુલનામાં ૨૦૧૫ના અંતે જે જન્મદર જોવા મળ્યો છે તેમાં ઘણો મોટો તફાવત છે એને તંત્ર બેટી વધાવો અભિયાનની સફળતા લેખાવી રહેલ છે.

સેન્સસ ૨૦૦૧માં ૦-૬ વર્ષની વયજૂથમાં દર હજાર દીકરાઓના પ્રમાણમાં દીકરીઓની સંખ્યા ૮૮૩ હતી જે પ્રમાણ ૨૦૧૧માં વધીને ૮૯૦ થવા પામેલ છે. ઉત્તરોત્તર નોંધાયેલ સુધારા છતાં હજુ પણ સમાજમાં અને રાજ્ય કે જિલ્લામાં વધુ જન જાગૃતિની આવશ્યકતા છે. ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષે થયેલ કુલ ૨૨૯૪૪ જન્મો પૈકી દીકરાઓની સંખ્યા ૧૨૦૫૬ અને દીકરીઓની સંખ્યા ૧૦૮૮૮ થવા પામેલ છે. એટલે કે જાતિ પ્રમાણદર ૯૦૩ ગણાય. નહીવત વધારો છે પણ જે વધારો નોંધાયો છે તે સારા ભાવિની નિશાની છે.

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૮ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ દરમ્યાન "રાષ્ટ્રીય બાલિકા સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવે છે. નારીનું ગૌરવ જાળવવું એ આપણી પરંપરા રહી છે, પરંતુ કમનસીબે વિવિધ કારણોસર સમાજમાં દીકરીઓની ઉપેક્ષા થાય છે, દીકરીઓની સમાજમાં ઘટતી સંખ્યા એ સામાજિક દૂષણો ઉભા કરશે. દીકરા-દીકરીનું અસંતુલન

● અનુસંધાન પાન-૭ પર

પંચાયત પરિણામના આફ્ટર શોક...

ગુણોત્સવમાં ગ્રામ્ય વિસ્તારના ૧૧૬ પ્રશ્નો ઉકેલવા તાકીદ

૨૦મીથી શરૂ થતા ગ્રામસભા અભિયાનમાં આ પ્રશ્નોના ઉકેલની વિગતો રજુ કરવા સરકારના આદેશ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ દરમ્યાન અધિકારીઓ સમક્ષ ૧૧૬ જેટલા પ્રશ્નો ગ્રામ્ય વિસ્તારના સામે આવ્યા છે અને તેના ઉકેલ માટે કરાયેલી કામગીરીની બાબતોની જાણકારી ૨૦મીથી શરૂ થઈ રહેલા ગ્રામસભા અભિયાનમાં રજુ કરવાની રહેશે.

ગુણોત્સવ-૬ દરમ્યાન જિલ્લાની ૨૦૦ જેટલી શાળાઓમાં અધિકારીઓ અને પદાધિકારીઓ ગયા હતા. મૂલ્યાંકન કામગીરીને અંતે આ અધિકારીઓને એ ટુ ઝેડ ફોર્મ ભરવાનું હતુ જેમાં વિવિધ ૨૬થી વધુ બાબતોને આવરી લેવામાં આવી હતી.

આ હકીકતોનું વિશ્લેષણ કરતાં જિલ્લામાં ૧૧૬ જેટલા પ્રશ્નો તંત્રના ધ્યાને આવ્યા છે. રાજ્ય સરકારે તાત્કાલિક આ પ્રશ્નોના ઉકેલ માટે લેવાયેલા પગલાંની જાણકારી ૨૦મીથી શરૂ થઈ રહેલા ગ્રામસભા અભિયાનમાં આપવાની રહેશે.

જિલ્લામાં જે મહત્વના પ્રશ્નો આવ્યા છે તેમાં ગટર, પાણી, વીજળી તેમજ વાહન-વ્યવહારને લગતા પ્રશ્નોની સંખ્યા વધુ હોવાનું જણાયું છે. આ બાબતે આજે જિલ્લાના અધિકારીઓની એક તાકીદની બેઠક યોજી અને પ્રશ્નો અંગેની કામગીરી શું થઈ તેની વિગતો તૈયાર કરવા તાકીદ કરાઈ છે.

જિલ્લામાં આમ તો ૬૯૪ પ્રા. શાળાઓ હાલ છે. જે શાળાઓમાં અધિકારી ગયા ન હતા તેવી શાળાના આચાર્યોને પણ તાત્કાલિક આ એ ટુ ઝેડ ફોર્મ ભરી મોકલી આપવાની તાકીદ કરાઈ છે.

ગામમાં વાહન-વ્યવહારની સુવિધા, બસની ટ્રીપો કેટલી તે સમયસર આવે છે કે નહિ જેવા

● અનુસંધાન પાન-૭ પર

ચ-૩ પાસે પાણીની લાઈનમાં લીકેજ થતા ફુટપાથમાં ગાબડુ

આજે કદાચ નવા સેકટરોમાં પાણી પુરવઠો ખોરવાશે : ચ-૩ પાસે ફુટપાથ નીચેથી પસાર થતી પાણીની લાઇનમાં લીકેજ થતા પોલાણના લીધે ગાબડુ પડ્યુ : તંત્રમાં ભારે દોડધામ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૧૮

શહેરના ચ-૩ વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં લીકેજ સર્જાતા તંત્રની ટીમ કામે લાગી છે. ચ-૩ પાસે ફુટપાથ નીચે થી પસાર થતી પાણી સપ્લાયની લાઈનમાં લીકેજ થતા પોલાણના લીધે મોટુ ગાબડુ સર્જાયુ હતુ. લીકેજ શોધવા પાટનગર યોજના વિભાગની ટીમે કામગીરી હાથ ધરી છે. જો કે પાણીની લાઈનમાં લીકેજની સમસ્યાનુ નિરાકરણ નહીં આવે તો આજે સે-૧ થી ૧૩માં પાણી પુરવઠો ખોરવાઈ જાય તેવી પણ સંભાવના છે.

શહેરમાં ચ-૩ વિસ્તારમાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતા પોલાણ સર્જાયુ હતુ. આ વિસ્તારમાં ફુટપાથની નીચેથી પસાર થતી પાણીની લાઈનમાં લીકેજ થયુ હોવાનુ ધ્યાને આવતા તંત્રની ટીમ કામે લાગી હતી. લીકેજ શોધવા માટે પાટનગર યોજના વિભાગના પાણી વિભાગના તંત્ર દ્વારા ખોદકામ હાથ ધરી સમસ્યા હલ કરવા માટે સવારથી જ પ્રયત્ન શરૂ કરી દીધા હતા.જયારે મોડી સાંજ સુધીમાં સમસ્યાનુ નિરાકરણ ન આવ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. સે-૧ થી ૧૩માં પાણી સપ્લાય કરતી લાઈનમાં જ લીકેજ થતા પાણી પુરવઠો પણ પ્રભાવિત થાય તેવી દહેશત છે. લીકેજની સમસ્યાને ડામવા માટે પાઈપલાઈન ખોલવી પડે તેમ હોવાથી સપ્લાય બંધ કરીને આગળનુ કામ થઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા મથામણ કરવામાં આવી રહી છે. મોડી સાંજ સુધી પાણીની લાઈનના લીકેજની સમસ્યા નિવારી શકાઈ ન હતી. બીજીતરફ સેકટરોમાં પાણીનો સપ્લાય કરતી લાઈનમાં જ લીકેજ થતા મંગળવારે સપ્લાય બંધ કરવો પડે તેવી પણ સંભાવના છે. સુત્રોના જણાંવ્યા મુજબ પાણીની લાઈનમાં સર્જાયેલી લીકેજની સમસ્યાનુ મોડે મોડે પણ નિરાકરણ નહીં આવે તો મંગળવારે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય બંધ રાખવાની પણ ફરજ પડશે.

જુના સચિવાલયમાં કમળાનો કહેર : કર્મચારીઓ ભયભીત

પેયજળની ગુણવત્તા યોગ્ય જણાઈ પરંતુ ટાંકી અને કુલરોની સ્વચ્છતા સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના બીજા ક્રમના સૌથી મોટા વહીવટીય સંકુલ જીવરાજ મહેતા ભવનમાં કમળાનો કહેર જોવા મળતાં કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

જીવરાજ મહેતા ભવનમાં આવેલા ૨૦ બ્લોકમાંથી ઘણા બધા બ્લોકોમાં કમળાના શંકાસ્પદ કેસ હોવાની વાતો કર્મચારી આલમમાં ખુલ્લેઆમ ચર્ચાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ બ્લોકોમાં પેયજળનો પુરવઠો બોર દ્વારા આપવામાં આવી રહ્યો છે. આ પેયજળની ગુણવત્તા સામે થોડા દિવસો પહેલા ઉઠેલા પ્રશ્નાર્થોને લઈ તેની ચકાસણી કરાવવામાં આવતાં પેયજળની ગુણવત્તા નોર્મલ હોવાનું જણાયુ છે.

હવે આ બ્લોકોની પાણીની ટાંકી અને કુલરોની સ્વચ્છતા સામે પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે. આ કામગીરીનો જે તે વિભાગોએ કરવાની રહે છે. જો કે પાણીની ટાંકીઓની સફાઈ કેપીટલ પ્રોજેકટની ઈન્કવાયરીઓ દ્વારા કરવામાં આવતી હોય છે.

જીવરાજ મહેતા ભવનમાં જે રીતે કમળાના કેસો મળી રહ્યા છે તેને લઈ કર્મચારી આલમમાં ફફડાટની લાગણી ઉભી થવા પામી છે. કેટલાક કર્મચારીઓ તો હવે ઘરેથી પાણીની લઈ ઓફિસ જતા નજરે પડી રહ્યા છે.

બ્લોક નં. ૪, ૮, ૧૯, ૨૦માં કમળાના શંકાસ્પદ કેસો વધુ જોવા મળ્યાની ફરિયાદો કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ કર્મચારીઓ ખાનગી દવાખાનાઓમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com